

# પર્યાવરણ

## ધોરણ-૫

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ : ૧૩. પહાડી રહેઠાણ**

**અધ્યયન નિષ્પતિ :**

5.03 પ્રાણીઓ. વનસ્પતિઓ અને મનુષ્યના પરસ્પરાવલંબન સંબંધો વર્ણવે છે. (જેમ કે કેટલાંક લોકો દ્વારા જીવનનિર્વાહ માટે પશુપાલન કરવું કે પ્રાણીઓ - પક્ષીઓ દ્વારા વનસ્પતિના બીજનો ફેલાવો થવો)

5.05 ભૂમિપ્રદેશો, આબોહવા, સંસાધનો (જેમકે ખોરાક, પાણી, રહેઠાણ, આજીવિકા) અને સાંસ્કૃતિક જીવન વચ્ચે જોડાણ સાધે છે. (મુશ્કેલભર્યા અને દુર્ગમ વિસ્તારોમાં લોકોનું જીવન જેવા કે ગરમ અને ઠંડા રણપ્રદેશો)

5.10 નકશામાં દર્શાવેલ ચિહ્ન દિશાઓ, વસ્તુની સ્થિતિ કે દર્શાવેલ સ્થળ/ મુલાકાત લીધેલ સ્થળોને નકશામાં ઓળખે છે તેમજ જુદાં જુદાં સ્થળોએથી અન્ય સ્થળની દિશાઓનું અનુમાન કરે છે.

5.11 સ્થાનિક બિન-ઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરીને પોસ્ટર, ડિઝાઇન, મૉડેલ્સ, ચારિક વાનગીઓ, ચિત્રો તેમજ આસપાસના કે મુલાકાત લીધેલ સ્થળોના નકશા બનાવે છે. તે વિશે જોડકણાં, કવિતાઓ, સૂત્રો બનાવે છે અને પ્રવાસવર્ણનો નોંધે છે.

5.14 નકશામાં રાજ્યની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. (જેમ જોવાલાયક અને મહત્ત્વના સ્થળો, નદીઓ, ખેતી, ડુંગરો, લોકજીવન વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- મુસાફરી કરવા માટે કરવામાં આવતી પૂર્વ તૈયારીની ચર્ચા
- ભારતનો નકશો તેમાં આપણા પડોશી રાજયો જોવા
- રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્રની રાજધાની નકશામાં શોધવી
- રણ ઠંડુ કે ગરમ હોય તે વિશે ચર્ચા
- બીજી ભાષાના નાના શબ્દોના અર્થ
- લેહમાં ઘરોનું બંધારણ અને દિવાલ
- નારંગી, સોનેરી પીડા મકાઇ, કાંગરના ડુંડા, છાણા, ફળો, શાકભાજી સૂકવવાનું કારણ
- ઉંચાઇ પર શ્વાસ લેવામાં તકલીફ તથા ઉપાય
- 'ચાંગપા' જેવા બીજી ભાષાના શબ્દોના અર્થ 'લેખા'

- શ્રીનગરમાં ડોંગા, હાઉસબોટ ઘરોમાં કેવી વસ્તુઓના વપરાય ઉપયોગ વિશે ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- ભારતનો નકશો
- કમ્પ્યુટરમાં દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્રના પ્રખ્યાત સ્થળ ચિત્રોનું નિદર્શન
- જમ્મુ કશ્મીર લેહ, લદાખના ચિત્રોનું નિદર્શન
- હાઉસબોટ જેવા ઘરના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને તેમણે કોઇ લાંબી મુસાફરી કરી હોય તો શું સામાન સાથે લઇ જાય તે વર્ગમાં ચર્ચા કરીશ. તે પ્રમાણે ગૌરવની યાત્રા વિશે વાંચીને સમજાવીશ. તે મુંબઇથી જે રાજયમાંથી પસાર થઇને કાશ્મીર પહોંચે છે તે ભારતના નકશામાં તે રાજયો કયાં આવેલા હોય તે બતાવીશ. તેના પાટનગરોના નામ, સ્થાન, નકશામાં બતાવીશ. જુદા જુદા સ્થળે આબોહવા, વાતાવરણ, આર્થિક સ્થિતિ અને સ્થાનિક કાચામાલની પ્રાપ્તિ પ્રમાણે ઘરો બાંધેલા હોય છે.

- આ વિવિધ રાજયોની મુસાફરી દરમિયાન પુસ્તકમાં આપણે જોઇ અને તેના વિશે સમજીશું. લેહમાં ઠંડા અને સપાટ રણ છે તો વિદ્યાર્થીઓની રણ માત્રા ગરમ જ હોય તે માન્યતા આ સમજાવીને બદલીશ. લેહમાં ઠંડી, બરફવાળી આબોહવાના કારણે ત્યાંના ઘરો લદાખમાં પથ્થરો, દિવાલોમાં ગારો, લાડકાનું દાદર, છાપરામાં જાડા વૃક્ષના થડ ઉપયોગમાં લેવાય છે. તે મુજબ દરેક સ્થળે અલગ અલગ વસ્તુઓ વાતાવરણ મુજબ ઉપયોગ થાય છે. ત્યાં ફળો, શાકભાજી વગેરે ઉનાળામાં સૂકવીને સંગ્રહ કરે છે. કારણ કે શિયાળામાં ખૂબ જ ઠંડીને કારણે મળતુ નથી માટે તે જ વપરાશ કરે છે તે સમજાવીશ. પર્વતોમાં ઉંચાઇએ જતા શ્વાસ લેવામાં હવા પાતળી અને ઓક્સિજનના બોટલની જરૂર પડે તે સમજાવીશ. શ્રીનગરમાં ડોંગા, હાઉસબોટ વગેરે તથા અન્ય ભાષામાં વપરાયેલા શબ્દોના અર્થ સમજાવીશ અને વર્ગમાં બોલાવીશ. બાકરવાલ લોકોની જીવન શૈલીની વાત વિદ્યાર્થીઓને કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- જુદા જુદા વિસ્તારો રાજયોમાંથી અલગ – અલગ ઘરોના ચિત્રો શોધી ચિત્રપોથી બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- ગૌરવ કયા કયા રાજયોમાંથી પસાર થઇ કાશ્મીર પહોંચે છે ?
- મુસાફરી માટે તેણે શું શું પૂર્વ તૈયારી કરી ?
- જુલે જુલેનો અર્થ શું છે ?
- ચાંગ થાંગનો અર્થ શું છે ?
- ચાંગથા જાતિના લોકોનો ખજાનો શું હોય છે ?
- દાલ સરોવર કયાં આવેલું છે ?

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન

**પાઠનું નામ :** ૧૪. જયારે ધરતી ધ્રુજી ઉઠી !!

**અધ્યયન નિષ્પતિ :**

5.12 સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી સ્થળાંતર, સ્થાપન - વિસ્થાપન, બાળહકો વગેરે)

5.13 સ્વચ્છતા સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સાધનો(જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગુજરાતમાં ભૂજમાં આવેલ ધરતી કંપ વિશે વાત
- કુદરતી આપત્તિ ધરતી કંપથી થતા નુકશાન અને તે બાદ પડતી મુશ્કેલીઓ
- ભૂકંપ બાદ જે તે જગ્યાએ સર્જાતા દ્રશ્યો, પરિસ્થિતિની વાત
- સરકારી સંસ્થાઓ તથા ઘણા સ્વૈચ્છિક જૂથોના રાહત કાર્યો વિશે વાત
- ગામ કે શહેરમાં ધરતીકંપ બાદ પુનર્વસનની કામગીરી
- ધરતીકંપ આવતા પહેલા તેની ચેતવણી મળતા શું કરી શકાય
- ધરતીકંપમાં કોની કોની મદદની જરૂર પડે તે ચર્ચા

- આવી બીજી આપત્તિઓ તથા તેના રાહતકાર્ય માટે સંપર્ક નંબરો
- ૨૦૦૧ ના ભૂકંપમાં કોણે કોણે મદદ કરી તે વાત, વાંચન

**શૈક્ષણિક સાધન :**

- કમ્પ્યુટરમાં ભૂકંપ માપવાના સાધનનું ચિત્ર નિદર્શન

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- જસમાને ખરાબ સ્વપ્ન આવ્યું જે ૧૮ વર્ષ પહેલા બન્યું હતું. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ માં ભૂકંપ આવ્યો તેના કારણે આજે પણ તે ઉંઘમાંથી ડરીને જાગી જાય છે તે ભયાનક દ્રશ્યો વિશે વિદ્યાર્થીઓને વાત કરીશ. ભૂજમાં આવેલ ધરતીકંપમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા ઘર પડી ગયા. ખૂબ નુકશાન થયું તે વાત કરીશ. ધરતીકંપ બાદ ઘણી મુશ્કેલીઓ સર્જાય છે, જેમ કે ઘવાયેલ આ લોકો માટે પ્રાથમિક સારવાર, ઘરની તમામ સામગ્રી નાશ પામી હોય તો જમવાની રહેવાની મુશ્કેલી વગેરે ભૂકંપ બાદ ભૂજમાં તે સ્થળે ચારેતરફ લોકો ચીસો પાડતા, રડતા, ઘવાયેલા બી ગયેલા વગેરે જેવા દ્રશ્યો ત્યાં સર્જાયા હતા તે વાત કરી ત્યાંની પરિસ્થિતિ વિશે બાળકોને વાકેફ કરીશ. ત્યાર બાદ સરકારી અને ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ત્યાં રાહત કાર્ય શરૂ કરવામાં આવ્યું જેમાં ઘવાયેલા લોકો માટે ડૉક્ટરની ટીમ તથા જેમના ઘર તૂટી ગયા તે માટે આર્કિટેક્ટ્સ આવી ખાસ પ્રકારની રચનાઓ બતાવી તેમના કાર્યમાં લાગ્યા. બીજા ખોરાક, દવાઓ, કપડા વગેરે લાવ્યા. આવા ધરતીકંપમાં કુતરું, ડૉક્ટર, પોલીસ, ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ વગેરેની જરૂર પડે તે કેવી રીતે મદદ કરે તે સમજાવીશ. આવી બીજી આપત્તિઓની બાળકો સાથે ચર્ચા કરીશ. જેમ કે પુર, અકસ્માત, આગ વગેરે ૨૦૦૧ માં કોણે કોણે મદદ કરી તે પુસ્તકમાં વાંચન કરીને સમજ આપીશ. જેમાં ૧૦૦૦ જેટલા લોકો મૃત્યુ પામ્યા. તેમાં સેનાના જવાનો અગ્નિશામક દળ વગેરેની મદદ મળી તે વાત કરી સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કટોકટીના સમયમાં જેમની જરૂર પડે તેમના સરનામા, ફોન નંબરના પોસ્ટર બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- ભૂકંપ આવતા શું મુશ્કેલી સર્જાય છે ?
- ભૂકંપ બાદ મદદ માટે કોનો સંપર્ક કરી શકાય છે ?
- કોની કોની જરૂર પડે છે ?
- ભૂજના ભૂકંપમાં શું નુશકાન કે જાનહાનિ થઇ ?
- જસમાના ઘર અને તમારા ઘરમાં શું ફરક છે ?
- ભૂકંપ પહેલાં ચેતવણી મળે તો શું કરી શકાય ?
- ભૂકંપ આવે ત્યારે શું કરી શકાય ?

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ : ૧૫. ઠંડુ કે ગરમ**

**અધ્યયન નિષ્પતિ :**

5.08 કોઈ ઘટના અંગેની પરિસ્થિતિઓ, ગુણધર્મો અંગે અનુમાન કરે છે. અવકાશી જથ્થો (જેમ કે અંતર વિસ્તાર, વજન, માપ વગેરે) અને સમય અંગે સાદા અને પ્રમાણભૂત એકમોમાં અંદાજ કાઢે છે. સાદા સાધનોનો ઉપયોગ કરીને ચકાસણી કરે છે. (જેમ કે તરતું - ડૂબતું મિશ્રણ/ બાષ્પીભવન/ અંકુરણ/ બગાડ/ શ્વસન/ સ્વાદ)

5.11 સ્થાનિક બિન-ઉપયોગી સામગ્રીનો ઉપયોગ કરીને પોસ્ટર, ડિઝાઇન, મૉડેલ્સ, ચારિક વાનગીઓ, ચિત્રો તેમજ આસપાસના કે મુલાકાત લીધેલ સ્થળોના નકશા બનાવે છે. તે વિશે જોડકણાં, કવિતાઓ, સૂત્રો બનાવે છે અને પ્રવાસવર્ણનો નોંધે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડાં. ઝાકીર હુસેન દ્વારા લખાયેલી વાર્તા અને તેમાં મિયા બાલીસ્તીયેના પાત્રની ચર્ચા
- ફૂંક વિશે બાળકોના વિચારો તથા તેને સમજવા માટે અવનવી પ્રવૃત્તિઓ
- પુસ્તકમાં મીની અને સોનુના ચિત્ર પરથી દરેકના દરેક વિધાર્થીઓના વિચાર
- કાગળની સિસોટી બનાવવી
- આપણા મોં માંથી આવતી ગરમ કે ઠંડી હવા બહારના (વાતાવરણ) તાપમાનને અનુરૂપ હોય તે સમજ

- સંગીતના સાધનો વિશે જાણકારી
- ચશ્મા સાફ કરવા તથા કરવા ફૂંક, ઉચ્છ્વાસની પ્રવૃત્તિ
- છાતી માપપટ્ટીથી માપવાની પ્રવૃત્તિ આપવાની પ્રવૃત્તિ, શ્વાસ, ઉચ્છ્વાસ કરીને
- મિનિટમાં કેટલા શ્વાસ તે રમત
- આપણી અંદરની ઘડિયાળ ટીક – ટીક સાંભળવાની પ્રવૃત્તિ
- કાગળનો સાપ બનાવી દોરી બાંધવી હવાનો પ્રવાહ જોવાની પ્રવૃત્તિ / રમત

**શૈક્ષણિક સાધન :**

- કાપડનો ટુકડો
- કાગળ ૧૨ સે.મી. લાંબો ૬ સે.મી. પહોળો
- ચોકલેટનું રેપર, પાંદડા, પેનનું ઢાંકણું
- ચશ્મા
- રબર ટ્યુબ, ગળણી
- સંગીતના સાધનોના ચિત્ર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડાં. ઝાકરી હુસેનનો ટૂંકમાં બાળકોની પરિચય આપી તેમના દ્વારા લખાયેલી વાર્તાઓના નામ જણાવી આ વાર્તાનું કથન કરીશ. તેમાં હાલ બાલીસ્તીયેના પાત્ર રમૂજ સમજ તથા દેખાવથી વાર્તા વધુ રસપ્રદ બને છે. ફૂંક વિશે બાળકોના વિચારો વર્ગમાં રજુ કરવા જણાવીશ. ત્યાર બાદ ફુંકના ગરમ અને ઠંડા અનુભવ કરવા જુદી જુદી પ્રવૃત્તિ બાળકોને વર્ગમાં કરાવીશ. જેમ કે હાથ દૂર રાખીને ફૂંક મારતા ઠંડી હવા અને નજીક રાખી કેવી હવા આવે તે અનુભવ કરાવીશ. પુસ્તકમાં મીની અને સોનુંનું ચિત્ર બતાવી દરેક વિદ્યાર્થીને તેનો જવાબ આપવા વર્ગમાં કહીશ. વિદ્યાર્થીઓને ચશ્મા સાફ કરવા તથા ઝાંખા કરવા ફૂંક અને ઉચ્છ્વાસનો ઉપયોગ થાય તે સમજાવવા કહીશ કે આપણા મોં માંથી આવતી ગરમ કે ઠંડી હવા તાપમાનને અનુરૂપ હોય છે તે સમજાવવા પ્રયત્ન કરીશ. બાળકોને કાગળની ગળી દ્વારા તેને કાપી તેમાંથી સિસોટી વગાડવાની મજાની પ્રવૃત્તિ કરાવીશ. ત્યાર બાદ સંગીના સાધનોના ચિત્રો બતાવી તેના નામ બોલાવી તેના વાદનના અવાજ સંભળાવી ચિત્રપોથી બનાવવાનો પ્રોજેકટ કરીશું. શ્વાસ અને ઉચ્છ્વાસ દ્વારા છાતી પર માપપટ્ટી મુકી

મપાવીશ. તથા એક મિનિટમાં કેટલા ધબકારા થાય તે રમત રમાડીશ. આનંદદાયક જ્ઞાન સાથે ગમ્મત, બાળકોમાં ભણવા આત્મવિશ્વાસ વધારશે. બીજી પ્રવૃત્તિ ટ્યુબ, ગળણી લઇ હૃદયના ધબકારા સાંભળવાની પ્રવૃત્તિ કરાવીશ. જે ઘણી રસપ્રદ રહેશે. કાગળનો સાપ બનાવી તેની દોરી બાંધી સાપને મીણબત્તી ઉપર રાખી સાપ ઘડિયાળની દિશામાં ગોળ ગોળ ફરે તે પ્રવૃત્તિ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- હાથ દૂર અને નજીક રાખી ફૂંક મારી અહેસાસ કરવાની પ્રવૃત્તિ
- કાગળની સિસોટી બનાવવાની પ્રવૃત્તિ
- ચશ્માને ફૂંક મારવાની પ્રવૃત્તિ
- રબરટ્યુબ, ગળણીનો ઉપયોગ કરી ધબકારા સાંભળવાની પ્રવૃત્તિ
- સંગીતના સાધનોના નામ વાળી ચિત્રપોથી બનાવવાનો પ્રોજેક્ટ

**મૂલ્યાંકન**

- આપણા કયા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ આ વાર્તા લખી હતી ?
- આ પાઠમાં ફૂંક ઠંડી કે ગરમ જોવા કઇ કઇ પ્રવૃત્તિ આપણે કરી ?
- ટ્યુબ અને ગળણી પ્રવૃત્તિથી હૃદયના ધબકારા શરીરમાં કયાંથી સંભળાય છે ?
- સંગીતના સાધનોના નામ લખો.

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** ૧૬. સ્વચ્છતા આપણું કામ

**અધ્યયન નિષ્પતિ :**

5.13 સ્વચ્છતા સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સાધનો(જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પાઠ્ય પુસ્તકમાં ના ચિત્રોના દ્રશ્યોનું અવલોકન
- સફાઇ કર્મીઓની જેમ આપણી પણ સ્વચ્છતાની જવાબદારી
- સફાઇ કર્મીઓ સફાઇનું કામ ન કરતા હોય તો ? ચર્ચા
- શંકરભાઇના વિચારો

- સફાઇ કર્મીઓ પ્રત્યે આદર, સંવેદનશીલતા
- પુસ્તકમાં ચિત્રમાંના કામોના નામ / તમને ગમતા પાંચ કામ
- સફાઇ માટે તમારી કલ્પના અનુસાર ચિત્ર દોરવું
- અસ્પૃશ્યતાના મુદ્દા પર ચર્ચા યોગ્ય સમજ, તેમના પ્રત્યે સંવેદનશીલતા
- નારાયણ દેસાઇ તથા ગાંધીજીની વાત
- જગુભાઇ વિશે વાત ચર્ચા
-ગાંધીજીના સ્વચ્છતાના વિચારો, સફાઇનું મહત્વ ફાયદા

**શૈક્ષણિક સાધન :**

- સાવરણી, પોતું
- પોસ્ટર, સફેદ કાગળ, માર્કર પેન
- ગાંધીજી નારાયણભાઇના ચિત્રો
- સ્વચ્છતાના લોગો, ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની પાઠ્ય પુસ્તકમાં આપેલ સફાઇના ચિત્રો લગાવી તેના વિશે ચર્ચા કરી સમજ આપીશ. જેમ સફાઇ કર્મીઓ આવી ગંદકીમાં કૂડા, ગટર વગેરે માંથી કચરો સાફ કરે છે તે પણ માણસ છે તો આપણે આપણી આસપાસ સ્વચ્છતા રાખવાની જાવબદારી છે જે વિદ્યાર્થીઓને સમજ આપીશ. ત્યાર બાદ જો આ સફાઇ કર્મીઓ સફાઇનું કામ ન કરે તો શું થાય તે વિદ્યાર્થીઓ પાસે વર્ગમાં વારા ફરતી બોલાવીશ. ગંદકીએ રોગોનું મૂળ છે તે સમજાવીશ. શંકરભાઇના વિચારો વિદ્યાર્થીઓને વાંચીને સમજ આપીશ. અને ભવિષ્યમાં સફાઇના પ્રશ્નો વિષે ચર્ચા કરી શકાય. સફાઇ કર્મીઓ આપણા ભાઇ મિત્રો છે જેના માટે આપણને પ્રેમભાવ આદર હોવો જોઇએ. પુસ્તકમાં ચિત્ર બતાવી તેમને કયા પાંચ કામ કરવા ગમે તે જણાવવા કહીશ. કોઇને પણ તેમાં સફાઇ કરવું કેમ ગમતું નથી તે વાતની ચર્ચા કરી કર્મીઓ પ્રત્યે સંવેદના દર્શાવવી તે સમજ આપીશ. અસ્પૃશ્યતાના મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરીશ. યોગ્ય સમજ આપીશ. ગાંધીજી સાથે રહેલા મહાદેવભાઇ અને નારાયણભાઇની વાત વિદ્યાર્થીઓને કરીશ. સ્વચ્છતા વિશે તેમના વિચારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડીશ. જગુભાઇ વિશે પુસ્તકમાં વાત વાંચી સંભળાવીશ. તેના વિશે ચર્ચા કરીશ. ગાંધીજીની સફાઇ વિશેની વાતો વિદ્યાર્થીઓને સંભળાવી સફાઇનું મહત્વ સમજાવી તેના ફાયદા વર્ગમાં ચર્ચા કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- સ્વચ્છતાના લોગો તથા શ્લોગન, પોસ્ટર બનાવવાનો પ્રોજેક્ટ
- લાકડીઓ અને પાંદડામાંથી જાડુ બનાવવાની પ્રવૃત્તિ
- સ્વચ્છતાનું ચિત્ર
- શાળામાંથી વિસ્તારમાં સ્વચ્છતા રેલીનું આયોજન

**મૂલ્યાંકન**

- સ્વચ્છતા રાખવામાં આપણી શું જવાબદારી છે ?
- સફાઇ કર્મીઓ સફાઇનું કામ ન કરતા તો શું થાય ?
- ચિત્ર માંથી તમને કયા પાંચ કામ કરવા ગમે છે ?
- ગાંધીજી અને નારાયણભાઇ વિશે વાંચી તમે સ્વચ્છતા વિશે શું શીખ્યા ?
- જગુભાઇથી આપણે શું શીખ્યા ?

## જાન્યુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** ૧૭. દિવાલ ઓળંગી લીધી

**અધ્યયન નિષ્પતિ :**

5.12 સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી સ્થળાંતર, સ્થાપન - વિસ્થાપન, બાળહકો વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- જુદી – જુદી રમતોના નામ તથા રમવાની રીત નિયમોની ચર્ચા
- બાસ્કેટબોલની રમત વિશે વાત
- નાગપાડા બાસ્કેટબોલ એસો, NBA ની પુસ્તક દ્વારા વાંચન કરી વાતચીત / સમજ
- અફસાના, ઝરીના ખુશનૂર અને આફરીન વિશે જાણકારી
- છોકરા – છોકરીઓ માટે સરખી રમતો અને દરેકને રમતી વખતે સમાન તકો
- વર્ષ ૨૦૦૭ અને તે પહેલાના સમયમાં છોકરીઓ માટે સમાજમાં ખોટી માન્યતાઓ, રૂઢિચુસ્તતા વિશે વાત
- શાળામાં જુદા – જુદા બનાવી રમત દ્વારા ટીમ માટે રમવા પ્રેરિત ઉદાહરણો, તકો
- ખેલાડીઓ પોતાની જાતિ નહીં પણ ક્ષમતાને આધારે ઓળખ
- ભૂતકાળમાં મહિલાઓના ઐતિહાસિક લડાઇ લનાર વીરાંગનાઓ ના નામ ઉદાહણ
- જેન્ડર સમાનતા વિશે સમજ

- મહિલા શક્તિના સચિત્ર ઉદાહરણ

**શૈક્ષણિક સાધન :**

- મહિલા, ફૂટબોલ, બાસ્કેટ બોલ ટીમના ચિત્રો વિડીયો
- દંગલ, ગંગા, મેરી કોમ જેવા વિડીયોના ટુકા દ્રશ્ય
- મહિલા વીરાંગનાઓના ચિત્રો તથા વિડીયો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ વર્ગમાં જાણતા હોય તે રમતો ના નામ બોલવા કહીશ. ત્યાર બાદ તે કેવી રીતે રમાય તે વારાફરતી દરેકે વિદ્યાર્થીઓ વર્ગમાં સમજાવશે. જેથી રમતો પ્રત્યે તેમની રસ કેળવાય બાસ્કેટબોલની રમત કેટલા ખેલાડી હોય કેવી રીતે રમાય વગેરે વર્ગમાં સમજાવીશ. પુસ્તકમાં NBA વિશે તથા તે બાળકીઓ જીવનમાં જે સંઘર્ષમાંથી પસાર થઇ અને રમતમાં પોતાનું નામ કર્યુ તે વાત વિસ્તારથી વાંચન કરી સમજ આપીશ. અફસાના, જરીના અને આફરીન ના અંગત જીવન વિશે વાંચન કરી વિદ્યાર્થીઓને વાત કરીશ. તે દ્વારા શાળામાં છોકરા છોકરીઓ વચ્ચે જેન્ડર ભેદ ન રાખતા દરેક રમતમાં સમાન તકો બંન્નેને મળે તેવું વાતાવરણ બનાવીશ અને સમજ આપીશ. ૨૦૦૭ અને તે પહેલાંનાં વર્ષોમાં છોકરીઓ માટે ખોટી માન્યતા રૂઢિચુસ્તતા હતી અને હજી પણ ◌ી જગ્યાએ જોવા મળે છે. તે દૂર કરવા આ દિવાલ ઓળંગીને વાત રજૂ કરીશ. ભૂતકાળમાં સ્ત્રીઓએ જે લડાઇ લડી અને પુરૂષોની સાથે સમાનતા કરી બતાવી જેવી જેન્ડરમાં યોગ્ય સમજ બાળકોને વર્ગમાં તથા શાળામાં આપીશ. શાળામાં દંગલ, ગંગા, મેરી કોમ જેવી ફિલ્મોના ટુંકા દ્રશ્યો બતાવી મહિલાઓની શક્તિ તથા દેશ માટે તેમની ભક્તિ – ભાવના ના ઉદાહરણ વિદ્યાર્થીઓની દિવાલ ઓળંગી એટલે રૂઢિવાદતા વટાવી એવો અર્થ સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- શાળામાં જુદી – જુદી રમતોનું જૂથ પાડીને આયોજન
- વિવિઘ સ્પર્ધાઓનું શાળામાં રમતોના સ્વરૂપમાં આયોજન
- મહિલાઓની વિવિઘ ક્ષેત્રમાં સફળતાના ચિત્રોનું કલેકશન
- જેન્ડર વિશે શાળામાં વાલી મીટીંગનું આયોજન

**મૂલ્યાંકન**

- તમે ઘરે કે મેદાનમાં કઇ કઇ રમતો રમો છો ?
- આ પાઠમાં કઇ રમતની વાત કરી છે ?
- કોચની ભૂમિકા શું હોય છે
- તમે કોઇપણ રમત ટીમ માટે રમશો કે પોતાના માટે ?
- જુદી જુદી રમતના ક્ષેત્રોમાં મહિલાઓ જે પ્રથમ આવી છે તેના નામ જણાવો
- તમે તમારી ટીમના લીડર હોય તો તમે શું કરશો ?

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ : ૧૮. હવે અમે કયાં જઇએ ?**

**અધ્યયન નિષ્પતિ :**

5.13 સ્વચ્છતા સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સાધનો(જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- અનુજભાઇના કુટુંબની વાત
- નવી જગ્યાએ રહેવા જવામાં પડતી મુશ્કેલીઓ
- અનુજ જેવા કુટુંબોને શહેરોમાં જવું પડતું તેના કારણો
- ખેડી ગામનું વર્ણન
- ગામડામાં શીખવા મળતી પ્રવૃત્તિઓ, કળાઓ
- શાંતિ અને મૌન વચ્ચે તફાવત
- નદી પર બંધ બાંધવાથી ગામના લોકો પર થતી સારી અને ખરાબ અસરો
- ગામ છોડતા થતા ફાયદા, નુકશાન, સુવિધા, અગવડ
- શહેર અને ગામનું વાતાવરણ બંધના ફાયદા મુશ્કેલીઓ

**શૈક્ષણિક સાધન :**

- કાગળ કંપાસ, બોક્સ
- થરમોકોલ, ફેવિકોલ, સ્કેચપેન
- કમ્પ્યુટરમાં ફિલ્મ નિદર્શન

**શિક્ષક વિધાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વર્ગમાં અનુજ અને તેના કુટુંબ વિશે વાત કરીશ. આ વાત કોઇ કારણોસર પોતાનું ઘર છોડી બીજી જયા અને શહેર કે ગામમાં રહેવા જતા પડતી મુશ્કેલીઓ લાગણી અને

સગવડ વગેરેની વાત કરવામાં આવી છે. નવી જગ્યાએ રહેવા જતા ઘણી મુશ્કેલીઓ પણ આવે તથા તેના ફાયદા અને સગવડમાં પણ ફરક પડે છે. અનુજના ગામમાં નદી પર બંધ બાંધવાનો હોવાથી તેમને ઘર ખાલી કરી બીજી જગ્યા વીજળી જેવી ઘણી સગવડો આપવાની વાત છે. આ વાતમાં સ્થળાંતરનું કારણ બંધ બાંધતા જગ્યા છોડવાનું કારણ છે આવા ઘણા કારણો છે જેમ કે નોકરી, પ્રમોશન, ધંધો, રોજગાર, લગ્ન વગેરે લીધે આપણે સ્થળાંતર કરવું પડે તેવા વિદ્યાર્થીઓને સમજાવીશ. તેમની અથવા તેમના કુટુંબમાં પણ કોઇની સ્થળાંતર કરવું પડયું છે. તે વર્ગમાં તેમના અનુભવો પૂછી ચર્ચા કરીશ. ખેરડી ગામમાં વીજળી શાળા વગેરે કોઇ સુવિધાઓ દૂરની વાત હતી. પરંતુ ત્યાંના લોકો ખેતી કરતા પાંદડાં એકડા કરતા વડીલો જોડે બાળકો ઘણું શીખતા જંગલમાંની વસ્તુઓ નદીપાર વેચતા ગામમાં ગોલ વગાડવું વાંસળી કૃત્ય કરવું નૃત્ય કરવું માટી વાસના વાસણ બનાવે વગેરે કલા શીખતા વિદ્યાર્થીઓને શાંતિ અને મૌન વચ્ચે તફાવત સમજાવીશ. બંધ બાંધતા લોકોની પોતાના ઘર માટે લાગણીઓ જોડાઇ તે દુભાતી દુ:ખ થતું તે ખરાબ અસર થઇ તથા ત્યાંની શુદ્ધ હવા પાણી વાતાવરણ શહેરમાં ના મળે સલામતી જેવા પ્રશ્નો પણ થાય તે વાતો વિદ્યાર્થીઓને સમજાવીશ. ગામ છોડતા શહેરમાં તેમને રોજગારી વીજળી સુવિધાઓ પ્રાપ્ત થઇ બંધ બાંધવાથી વીજળી ઉત્પાદનનો ફાયદો થાય છે તે વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- શાંત થઇ અવાજો સાંભળવાની પ્રવૃત્તિ
- ખેરડી ગામનું ચિત્ર દોરવાની પ્રવૃત્તિ થરમોકોલ દ્વારા પુલ બનાવવાની પ્રવૃત્તિ
-સ્વદેશ ફિલ્મ બતાવી બંધનું નિર્માણ તથા વીજળીનું ઉત્પાદન બતાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- તમને કે તમારા કુટુંબમાં કોઇએ કયારે સ્થળાંતર કર્યુ છે શા માટે
- બંધ બાંધવા થી શું ફાયદો થાય છે
- ગામડા અને શહેરના જીવનમાં શું તફાવત હોય છે.

- ખેરડી ગામના બાળકો શું શીખતા
- તમે તમારા વડીલો પાસે શું શીખો છો.

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ :** ૧૯. બીજ કહે છે ખેડૂતની વાર્તા

**અધ્યયન નિષ્પતિ :**

5.02 રોજિંદા જીવનની મૂળભૂત જરૂરિયાતો (જેમકે ખોરાક, પાણી વગેરે) મેળવવાની પ્રક્રિયા અને તેમાં ટૅકનોલૉજીના ઉપયોગો સમજાવે છે. (જેમ કે ખેતપેદાશો ખેતરથી રસોડા સુધી પહોંચવાની પ્રક્રિયા, અનાજમાંથી રોટલી બનવાની પ્રક્રિયા, અનાજ જાળવણીની રીત (તકનિકો), જળસ્રોતમાંથી પાણી સંગ્રહની રીતો)

5.07 સિક્કાઓ, ચિત્રો, સ્મારકો, સંગ્રહાલયો વગેરેની મુલાકાત તેમજ વડીલો સાથેના સંવાદ દ્વારા રીત-રિવાજો, ટેવો અને પરંપરામાં આવેલ પરિવર્તનનું અનુમાન કરે છે. (જેમ કે ખેતી, સરક્ષણ, તહેવારો, પોશાક, પરિવહન, સાધનસામગ્રી વ્યવસાય રહેઠાણ, રાંધવાની અને આહારની રીત, કાર્યશૈલી)

**શૈક્ષણિક મુદ્દા :**

- વિદ્યાર્થીઓના પોતાના વિસ્તારમાં ઉગાડવામાં આવતા પાકની માહિતી તેમના તે વિશે અનુભવ
- પાક અને શાકભાજીમાં હવે બદલાવ વિશે ચર્ચા
- બાજરીના બીજ ની વાત
- ઉંબાડિયું બનાવવાની રીત
- કપાસ ઉગાડવાની પ્રક્રિયા
- ઋતુ મુજબ ખેતી સબંધિત ઉજવવામાં આવતા તહેવાર
- ખોરાકનો સ્વાદ બદલાવવાનું કારણની ચર્ચા
- પહેલા અને અત્યારના સમયના બદલાવની ચર્ચા
- ખેતીની પદ્ધતિમાં તફાવત પ્રગતિ અને વિકાસની અસલ સમજ
- કુદરતી ખાતર, દવા, પરંપરાગત બિયારણ પણ કોનો અધિકાર
- આજની ખેતીથી જમીન, આરોગ્ય વગેરે નુકશાનની સમજ ચર્ચા
- સજીવ ખેતીના ફાયદા
- ભાસ્કરભાઇની વાડીની વાત
- બાજરીની ચિત્ર દ્વારા તમામ પ્રક્રિયાની સમજ
- ટેકનોલોજીનો અર્થ

**શૈક્ષણિક સાધન :**

- વર્તમાન પત્રમાં ખેતીનો અહેવાલ

- અનાજ કઠોળના નમુના
- પુરાતન અને આધુનિક ખેતીના સાધનોના નામ ચિત્ર
- બાજરીના ડુંડાના ચિત્ર
- ઘંટી, થ્રેસર જેવા આધુનિક મશીનોના ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

સૌપ્રથમ પોતાના વિસ્તારમાં કાઢવામાં આવતા પાક શાકભાજી વિશે વિદ્યાર્થીઓની પોતાના મત, અનુભવ રજુ કરવા જણાવીશ. ત્યારબાદ ઉગાડવામાં આવતા અનાજ, કઠોળ, શાકભાજીની યાદી તૈયાર કરાવી વિદ્યાર્થીઓનું વાત કરીશ. તેમાં ઉંબાડિયું બનાવવાની રીત તથા કપાસ ઉગાડવાની પ્રક્રિયા તથા તે સમયે તેનાથી થતો લાભ વિદ્યાર્થીઓની સમજ આપીશ. તે પછી તે સમયમાં અને અત્યારે કરવામાં આવતી ખેતીની પદ્ધતિ તેમાં વપરાતા સાધનો, બીજ, ખાતર, રસાયણમાં થતા મોટા ફેરફાર તથા ટેકનોલોજીની વાત કરીશ. વિદ્યાર્થીઓ પણ પોતે જોયેલી વાતો વર્ગમાં રજુ કરશે. ઋતુ પ્રમાણે ખેતીમાં ઉજવાતા તહેવારોની વાત પુસ્તક દ્વારા કરીશ. પહેલા અને અત્યારના સમયમાં ખોરાકનો સ્વાદ બદલાયો બીજની વાતમાં જે જૂના સમયમાં બિયારણ છાણીયું ખાતર વપરાતું અને જે ખેતી થતી તેવી હવે થતી નથી તેના કારણે સ્વાસ્થ્યને નુકશાન, વધુ ખર્ચો, જમીનને નુકશાન થાય છે. જેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપીશ. અત્યારે ખેતીમાં ટેકનીક, ટેકનોલોજી વપરાય છે. જેમાં પાણી કાઢવા, છાંટવા, પાક કાપવા વગેરે શીખવું જરૂરી છે અને ઉપયોગી છે. પરંતુ રાસાયણિક ખાતર તેમજ બીજ વગેરેથી ખૂબ નુકશાન થાય છે. કુદરતી ખાતર બિયારણ પર બિયારણ પર આપણા દેશના ખેડૂતોનો અધિકાર છે. સજીવ ખેતીના ફાયદાની ચર્ચા કરી ભાસ્કરભાઇની વાડીની વાત કરી ખેતીની સમજ આપીશ. બાજરીના ચિત્રો દ્વારા ઉત્પાદકની તમામ પ્રક્રિયા સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- આપણા વિસ્તારમાં ઉગાડવામાં આવતા, અનાજ , કઠોળના નમુના સાચવવાનો પ્રોજેક્ટ
- ખેતીને લગતા પ્રશ્નો ખેતરની મુલાકાત, ચર્ચા કરી અહેવાલ નો પ્રોજેક્ટ

**મૂલ્યાંકન**

- તમારા વિસ્તારમાં કયા કયા શાકભાજી અને અનાજ ઉગાડવામાં આવે છે ?
- તમારા ઘરે અનાજ, જીવ, જંતુથી રક્ષણ કરવા શું કરવામાં આવે છે ?
- સજીવ ખેતીના ફાયદા જણાવો
- પહેલા અને અત્યારના સમયમાં ખેતીની શું પદ્ધતિ છે ?
- ટેકનોલોજી થી શું ફાયદો થાય છે ?
- અળસિયા આપણને કેવી રીતે ઉપયોગી થાય છે ?
- આજની ખેતીથી જમીન, આરોગ્ય ને કેવી રીતે નુકશાન થાય છે ?

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ : ૨૦. જંગલો કોના ?**

**અધ્યયન નિષ્પતિ :**

5.13 સ્વચ્છતા સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સાધનો(જેમ કે જમીન, ઈંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

5.14 નકશામાં રાજ્યની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. (જેમ જોવાલાયક અને મહત્ત્વના સ્થળો, નદીઓ, ખેતી, ડુંગરો, લોકજીવન વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- બાળકોના જંગલ વિશેના પોતાના અનુભવ, અનુમાનની વર્ગમાં ચર્ચા
- સુર્યમણીની વાત તેના વિચારો
- સ્ટાર ગર્લ એક યોજના
- વનવાસીઓનું જીવન અને જંગલ સાથે તેમના સબંધની ચર્ચા સમજ
- ઠેકેદારના કામ
- જંગલ બચાવવાના ચિપકો આંદોલન જેવા કિસ્સાની ચર્ચા
- ભણતરનું મહત્વ
- ઝારખંડ જંગલ બચાવો આંદોલન
- સુર્યમણીનું તોરંગ કેન્દ્ર અને તેમની પ્રવૃત્તિઓ
- જંગલના હકકનો કાયદો – ૨૦૦૭
- ભારતના નકશાનું અવલોકન
- મિઝોરમમાં ખેતી વિશે માહિતી
- જમીન માપવાના એકમો, ઉપાયો
- ઝૂમકૃષિ વિશે સમજ
- ચેરાવ નૃત્યની સમજ રીત

**શૈક્ષણિક સાધન :**

- ભારતનો નકશો

- જંગલોના કમ્પ્યુટર પર ચિત્રનું પ્રદર્શન
- જુદા જુદા નૃત્યોની તસવીરો નામ સાથે

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

જંગલો કોના ? શરૂઆતમાં બાળકોના જંગલ વિશે પોતાના અનુભવ અનુમાનની વર્ગમાં ચર્ચા કરીશ. દરેક પોતાના અનુભવ જણાવશે. સુર્યમણીની વાત બાળકોને કહીશ તેનું સ્વપ્ન તેને શું ગમતું તેણે જંગલોને જ પોતાનું જીવન માની તેના બચાવ કાર્યમાં શું કર્યુ તેણે ભણતર કેવ ીરીતે શરૂ કર્યુ વગેરે વાતો વિસ્તૃત રીતે બાળકોને કહીશ. વનવાસીઓનું જીવન કેવું હોય છે. તેમની રહેણી કરણી, આવક, ખોરાક વગેરે વાત વિદ્યાર્થીઓ સાથે કરીશ. ઠેકેદાર કોને કહેવાય તથા તેનું કામ શું હોય છે તે વિદ્યાર્થીઓને સમજાવીશ. જંગલ બચાવવા માટે સુર્યમણી જેવા બીજા કોઇ લોકોને વિદ્યાર્થીઓ જાણતા હોય તો પૂછી ચિપકો આંદોલન ઝારખંડ આંદોલનની વાત વિસ્તૃત રીતે કરીશ. સુર્યમણીની જેમ બાળકોને પણ ભણતરનું મહત્વક સમજાવીશ. સુર્યમણીના તોરંગ ના કેન્દ્રમાં થતી પ્રવૃત્તિઓની વિદ્યાર્થીઓ સાથે વિગતે ચર્ચા કરીશ. તેનું સ્વપ્ન પણ કહીશ. વિદ્યાર્થીઓ સાથે વિગતે ચર્ચા કરીશ. તેનું સ્વપ્ન પણ કહીશ. વિદ્યાર્થીઓને ભારતના નકશાનું અવલોકન કરાવી ઝારખંડ, ઓડીસા, મિઝોરમ જેવા રાજય જંગલો, દરિયો વગેરે જોતા શીખવી સમજાવીશ. ત્યાંની ઝૂમકૃષિ વિશે વિસ્તૃત વાત કરી ખેતી પદ્ધતિ સમજાવી તથા જમીન માપવાના ઉપાયો તથા એકમોની ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમજાવીશ. વિદ્યાર્થીઓને ચેરાવ નૃત્યની વાત કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- પાંદડાની સિસોટી બનાવવાની પ્રવૃત્તિ
- લાકડીઓ માંથી ટોપલી બનાવવાની પ્રવૃત્તિ
- પાંદડા, લાકડા, ઘાસની સાવરણી શાળામાં બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- જંગલો આપણને શું આપે છે ?
- સુર્યમણીને બાળપણથી શું ગમતું ?
- તમારા મતે જંગલો કોના છે ?
- વનવાસીઓ કેવી રીતે કહે છે ?

- સુર્યમણીના તોરંગમાં તે બાળકોને શીખવવા ઇચ્છતી હતી
- ભારતના નકશામાં આછા અને ગાઢ જંગલો, દરિયો તમે કેવી રીતે શોધશો
- ઝૂમકૃષિ શું છે ?
- મિઝોરમ ખેતી માટે લોટરી એટલે શું ?
- ચેરાવ કયાંનું નૃત્ય છે ?

**માર્ચ માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ : ૨૧. જેવા પિતા તેવી દીકરી**

**અધ્યયન નિષ્પતિ :**

5.12 સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી સ્થળાંતર, સ્થાપન - વિસ્થાપન, બાળહકો વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- દૂરના સગાના જેવા લક્ષણો પોતાનામાં અનુભવાય છે તે વિશે ચર્ચા
- 'મમ્મીની બેન તે માસી' ગીતનું ગાન દ્વારા સબંધોની રમત રમતમાં ઓળખ.
- બાળકોની ખાસ ટેવ કે લક્ષણ કોના જેવા છે તે વર્ગમાં દરેકની ચર્ચા
- નીલમના પરિવારના સભ્યોની યાદી અને તેમાં સબંધોની ઓળખ
- પુસ્તક કોષ્ટક મુજબ પોતાની માહિતી ભરી ચર્ચા
- વાળ અને ઉંચાઇ માપવાની રીત
- જનમ જાત લક્ષણો તથા આસપાસની પરિસ્થિતિ દ્વારા શીખેલ વાતો વિશે ચર્ચા
- પોલિયો પલ્સપોલીયો વિશે જાણકારી
- વટાણા સાથેના પ્રયોગની વાત
- રમતપિત્ત વગેરે રોગ વિશે જાણકારી માટે ડોકટરની મુલાકાત

**શૈક્ષણિક સાધન :**

- હાર્મોનિયમ, ઢોલક, ખંજરી
- દોરી, માપપટ્ટી

- મેજર ટેપ
- લાકડી, દંડો, વેલણ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

ધોરણ – 3 માં શીખ્યા તે મુજબ બાળકોના દુરના સગામાં રહેલા લક્ષણોક જે પોતાનામાં પણ અનુભવાય છે તેવા લક્ષણોની બાળકો સાથે વારાફરતી વર્ગમાં બોલાવી ચર્ચા કરીશ. સંગીત સાથે સબંધોની ઓળખ માટે સંગીતમય ગમ્મત સાથે જ્ઞાન જેવું કામ કરી બાળકીને ગીત ગવડાવીશ. જેના દ્વારા ઘણા સબંધોના નામ બાળકો સરળતાથી શીખી જશે. બાળકોમાં કઇ કઇ ખાસ ટેવો છે તેની વારાફરતી દરેકને વર્ગમાં રજૂઆત કરાવી અને તે કોની સાથે કુટુંબમાં મળતી આવે છે તે પણ પૂછીશ. વિદ્યાર્થીઓને સમજાવીશ ઘણા લક્ષણો માતા – પિતા તરફથી મળે છે તો ઘણા આસપાસની પરિસ્થિતિમાંથી શીખાય છે. પુસ્તકમાં વાંચન કરી નીલમના પરિવારના સભ્યોની યાદી બનાવવી તેના સબંધોની ઓળખ કરીશું. પુસ્તકમાં પોતાની આ માહિતી બાળકોને ભરવા કહી ચર્ચા કરીશ. વાળ ઉંચાઇનું માપન તમે કેવી રીતે કરશો તે બાળકીને જુદી જુદી રીતો વર્ગમાં બોલાવી સમજાવીશ. પોલિયો વાયરસથી ફેલાય છે તે વારસાગત નથી તે સમજ આપીશ. ડૉકટરની મુલાકાત કરી બાળકીને રકતપિત્ત જેવા અન્ય રોગો વિશે સાચી જાણકારી તથા માહિતી પ્રાપ્ત કરાવી નોંધ કરાવીશ. વટાણા સાથેના પ્રયોગની બાળકોની વાત કરીશ. જેથી તેમનામાં રહેલું વૈજ્ઞાનિક અભિગમને પ્રેરણા મળી જાગૃત થાય તે તરફ ઉત્સાહિત અને પ્રેરિત થાય.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- વર્ગમાં હાથ – પગ, જીભ, આંગળી, અંગૂઠા, કાંડાની અલગ અલગ પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

- તમારો ચહેરો કે વાળ કે અન્ય કોઇને મળતું આવે છે ? શા કારણથી ?
- નીલમના પરિવારના સભ્યોની યાદી બનાવો
- તમારા કુટુંબ વિશે પુસ્તકના કોષ્ટકની માહિતી ભરો
- પોલિયો રકતપિત જેવા રોગો વિશે તમે શું જાણો છો ?
- વર્ગમાં તમારા શરીરના અંગોના રસપ્રદ સર્વેક્ષણ કરો.

**માર્ચ માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ : ૨૨. ફરી ઉપડયા**

**અધ્યયન નિષ્પતિ :**

5.12 સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી સ્થળાંતર, સ્થાપન - વિસ્થાપન, બાળહકો વગેરે)

5.13 સ્વચ્છતા સ્વાસ્થ્ય, કચરાનું વ્યવસ્થાપન, આપત્તિ/ કટોકટીની સ્થિતિ અને સાધનો(જેમ કે જમીન, ઇંધણ, જંગલો વગેરે)ની જાળવણી/ બચાવ માટેના ઉપાયો સૂચવે છે તથા વંચિતો પ્રત્યે સંવેદનશીલતા દર્શાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ઘનુના ગામમાં મુકાદમ દ્વારા આપવામાં આવતી લોન ઉછીના પૈસા લાવવાની વાત ઉદાહરણ દ્વારા સમજ
- મુકાદમ શબ્દનો અર્થ
- ઉછીના પૈસાની જરૂર વરસાદ ન હોય ત્યારે શા માટે ? તે ચર્ચા
- કામની શોધમાં ઘનુના પરિવારની જેમ ઘણા લોકો મહિનાઓ સધી ગામ છોડવું પડે છે તે ચર્ચા ઉદાહરણ દ્વારા વિસ્તૃત સમજે.
- ખેતી, પાણી વગર પણ થઇ શકે કે નહિં તેની ચર્ચા
- ઘનુ અને તેના જેવા ચાળીસ પરિવારના બાળકો સ્થળાંતરના કારણે શાળાથી વંચિત થયા પરંતુ તે ન થાય તે માટે ઉપાયની વાત
- સ્થળાંતરિત પરિવારના બાળકોના ભણતરના સગવડો વિશે વાત, ચર્ચા
- ખેડૂતો વિશે વિસ્તૃત ચર્ચા જેમાં જમીન પાક, મુશ્કેલીઓ વગેરેની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- મુકાદમના અર્થની સમજ માટે વિડીયો
- વિડીયો મૂવીના સીન દ્વારા નિદર્શન

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ફરી ઉપડયા પાઠના શિર્ષકનો ભાવાર્થ સમજાવીશ. ત્યારબાદ ઘનુના ગામ વિશે વાત કરીશ. તહેવાર માટે ભેગા થયેલા કુટુંબીઓ સાંજે ચિંતામાં છુટા પડતા દેખાય છે. તો તેનું કારણ પુસ્તક દ્વારા વાંચી વિસ્તૃત સમજ આપીશ. તેમાં લોન, ઉછીના પૈસા લેવાની વાત વિદ્યાર્થીઓને વિડીયો દ્વારા બતાવીને

સમજાવીશ. તથા મુકાદમ શબ્દનો અર્થ પણ સમજાવીશ. બાર માસનમાં વરસાદ ના હોય ત્યારે પૈસાની જરૂર ગામના લોકોને પડતા તે મુકાદમ પાસે લઇ તેના બદલામાં તેમના ખેતરમાં કામ કરવા જાય છે જે વાતની વિસ્તૃત સમજ આપીશ. વર્ગમાં વિધાર્થીઓના સગા, પડોશી, કુટુંબીજનો માંથી કામની શોધમાં ગામ છોડીને બહાર જવું પડયું હોય તેવા ઉદાહરણ વર્ગ સમક્ષ તેમની પાસે વારાફરતી રજૂ કરાવીશ. અને ચર્ચા કરીશ. પાણી વગર પણ ખેતી થઇ શકે છે જેના ઉદાહરણ સ્વરૂપે શેરડીની વાત કરીશ અને સમજાવીશ. કામના કારણે સ્થળાંતર કરતા પરિવારોમાંના બાળકોનું ભણતર તે ઘનુ ના ગામના બાળકોનું બગડતું તે વાત કરીશ. સાથે અત્યારે આવી રીતે કામ માટે બહાર જતા લોકોના બાળકોના ભણતર ન બગડે તે માટે માઇગ્રેશન કાર્ડની સુવિધા સરકારશ્રી દ્વારા કરવામાં આવી છે જે વિધાર્થીઓને સમજાવીશ. જેથી તેમનું ભણતર બગડે નહી. માદક પદાર્થોનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકશાન કરે છે. વિધાર્થીઓને વિડીયો નિદર્શન દ્વારા તથા ઉદાહરણ અને વાતચીત દ્વારા સમજાવીશ ખેડૂતોની જમીન તથા તેમની મુશ્કેલીઓની ચર્ચા વર્ગમાં વિધાર્થીઓ સાથે ચર્ચા કરી સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- નશીલા પદાર્થોથી બચવા તથા પોસ્ટરનું નિર્માણનો પ્રોજેકટ

**મૂલ્યાંકન**

- મુકાદમ કોને કહેવાય ?
- લોન એટલે શું ?
- કયા સમયે ઘનુના પરિવારને કામ નહોતું મળતું
- ઘનુ જેવા બીજા પરિવારને મહિનાઓ માટે ગામ છોડીને શા માટે જવું પડતું ?
- સ્થળાંતર કરતા પરિવારના બાળકો માટે ભણવા શું વ્યવસ્થા છે ?

**માર્ચ માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ : ૨૩. અમે ગુજરાતી**

**અધ્યયન નિષ્પતિ :**

5.10 નકશામાં દર્શાવેલ ચિહ્ન દિશાઓ, વસ્તુની સ્થિતિ કે દર્શાવેલ સ્થળ/ મુલાકાત લીધેલ સ્થળોને નકશામાં ઓળખે છે તેમજ જુદાં જુદાં સ્થળોએથી અન્ય સ્થળની દિશાઓનું અનુમાન કરે છે.

5.14 નકશામાં રાજ્યની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. (જેમ જોવાલાયક અને મહત્ત્વના સ્થળો, નદીઓ, ખેતી, ડુંગરો, લોકજીવન વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

- ગુજરાત વિશે રચાયેલ કવિતાઓ ગીતોના નામ તથા તેનું સમુહમાં ગાન
- કવિ નર્મદ દ્વારા રચયિત ગુજરાત ગૌરવનું ગીત જેમાં ભૌગોલિક સ્થિતિ અને વિશિષ્ટતાઓનું વર્ણન
- ગુજરાત રાજય વિશે માહિતી નકશા તથા પાઠ દ્વારા સમજ
- ચર્ચા – પ્રશ્નોત્તરી
- ગુજરાતમાંથી વહેતી નદીઓના નામ
- જમીન, સીમા, ક્ષેત્રફળ, વસ્તી, વિસ્તાર, અખાત વગેરેની માહિતી
- નદીઓ પર બાંધવામાં આવેલા બંધો વિશે ચર્ચા
- અંતઃસ્થ નદીઓના નામ તથા અંતિમ સ્થાન
- રવિ પાક વિશે સમજ
- ગુજરાતમાં લેવાતા પાકના નામની જિલ્લાવાર યાદી
- પાકનું રવિ, જાયદ, ખરીફ પાકમાં વર્ગીકરણ
- અમુલ ડેરીની વાત
- સાબરમતી આશ્રમની વાત ગાંધીજીની સ્વદેશી ચીજો માટે લડત
- ગુજરાત ઉધોગો ડેરી ધાર્મિક સ્થળો ગિરિમથક અભ્યારણની માહિતી સમજ

**શૈક્ષણિક સાધન :**

- હાર્મોનિયમ ઢોલક
- ગુજરાતનો નકશો
- કમ્પ્યુટરમાં ચિત્ર તથા વિડીયો દ્વારા નિદર્શન
- નકશામાં જિલ્લા નદીઓ, ડુંગરો, સિંચાઇ યોજનાઓ પાક ઉધોગો, જોવાલાયક સ્થળોની સૂચિ

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- અમે ગુજરાતી પાઠ દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાત રાજયની તમામ આ પ્રકારની માહિતી પહોંચાડવાનું આશય છે અને તે આપણું ગર્વ પણ છે. કવિ નર્મદ દ્વારા રચાયેલ જય જય ગરવી ગુજરાત ગીત સંભળાવીશ તથા બીજા ગુજરાતને લગતા ગીતો ગવડાવી તેમાં ગુજરાતની ભૌગોલિક સ્થિતિ તથા વિશિષ્ટતાઓ વર્ણન કરીશ. ગુજરાત રાજયની વિવિધ માહિતી જેમ કે તેનું સ્થાપના વર્ષ પાટનગર તેનું સોળસો કિ.મી. જેટલો દરિયા કિનારો તેને ઓળખતા જિલ્લા ગુજરાતનું ક્ષેત્રફળ, વિસ્તાર, વસ્તી વગેરે માહિતીની ખૂબ સુંદર સમજ વિદ્યાર્થીઓને આપીશ. પુસ્તકમાં ગુજરાત રાજયના વિવિધ નકશા દ્વારા તેમાં દર્શાવેલ માહિતી જેમ કે નદીઓ, બંધ અખાત, અંતસ્થ નદીઓ તેનું વર્ગીકરણ વગેરે માહિતીની સમજ આપીશ. પાકનું વર્ગીકરણ, રવિપાક, જાયદપાક, ખરીફપાક કરાવીશ. ગુજરાતમાં લેવાતા પાકના નામની યાદી વિદ્યાર્થીઓને બનાવડાવીશ. આણંદની અમુલડેરીના ફોટા ચિત્રો બતાવીશ. ગુજરાતના વિવિધ સ્થળોના વિડીયો કમ્પ્યુટરમાં બતાવીને વિસ્તૃત સમજ આપીશ. ગાંધીજીના સાબરમતી આશ્રમ, ચરખો તથા સ્વદેશી ચીજોને મહત્વ આપવાના તેમના સ્વપ્નની વાત કરીશ. ગુજરાત રાજયમાં ઉધોગ, દેરી ધાર્મિક સ્થળો, ગિરિમથક, અભયારણ્યોના વિડીયો, ચિત્રો તથા નામ દ્વારા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- ગુજરાતની નદીઓના નામની યાદી
- ગુજરાતના પાકની યાદી
- ગુજરાતના ઉધોગો ખનીજ સંપત્તિના નામ
- ગુજરાતના જોવાલાયક સ્થળો

**મૂલ્યાંકન**

- ગુજરાત રાજયના કેટલા જિલ્લા છે ?
- ગુજરાતનું વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો જિલ્લો કયો છે ?
- કર્કવૃત્ત પરથી પસાર થતા ત્રણ જિલ્લાના નામ જણાવો.
- ગુજરાતના જમીનના પડોશી રાજયો અને દેશના નામ જણાવો.
- નર્મદા નદી પર કયો બંધ બાંધવામાં આવ્યો છે ?
- અમૂલ ડેરી કયાં આવેલી છે ?